
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ભાઈ, અમે વીવીપેટ વિષે બધુ જ કહી શહીએ પરંતુ ઉમેદવારનાં પેટમાં શુ છે એ તો તમારે જ નક્કી કરવું પડશે....

# સેક્ટર-૮માં શોર્ટ સર્કીટથી આગ...



ગાંધીનગર શહેરના સેકટર-૮ પ્લોટ નં. ૧૩૨ ખાતે આવેલા ઘરના બેડરૂમમાં આગ લાગી હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા તાત્કાલીક ફાયરના સ્ટાફના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગને પગલે ઘરમાં નુકશાન થવા પામ્યું હતું. ફાયર બ્રિગેડના કર્મચારીઓની પ્રાથમિક તપાસમાં આગ રૂમમાં કબાટમાં ઈલેક્ટ્રીક લાઈન હોવાથી શોર્ટ-સર્કિટ થયું હોય તેમ લાગી રહ્યું હતું. જયારે આગને કારણે ધુમાડાના ગોટેગોટા ઉડતા આસપાસના નાગરીકો પણ એકઠા થઈ ગયા હતા.

# લઘુત્તમ તાપમાનમાં એક દિવસમાં છ ડિગ્રીનો ઉછાળો

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા બે-ત્રણ દિવસથી શહેરમાં ગરમી વધી રહી છે. મહત્તમ તાપમાન ૩૭-૩૮ ડિગ્રી નોંધાયુ છે. સાથે જ ગઈ રાત્રે લઘુત્તમ તાપમાનમાં એકાએક જ છ ડિગ્રી જેટલો ઉછાળો નોંધાતા લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. પહોંચી ગયુ હતું.

હોળી-ધૂળેટી પછી તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉનાળો ધીમે ધીમે જામી રહ્યો છે. દિવસ દરમ્યાન તડકો ખૂબ આકરો લાગે છે. તડકામાં નીકળવુ હવે કંટાળાજનક બનવા લાગ્યુ છે. ગરમી વધતા પંખા, કૂલર, એસીનો વપરાશ ધીમે ધીમે વધી રહ્યો છે. હવે તો રાત્રે પણ એસી કરવુ પડે તેવી ગરમી પડવા માંડી છે. હજુ ગઈકાલ સુધી લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી હતુ તે આજે એકાએક જ વધીને ૨૪.૫ ડિ.સે. સુધી પહોંચી જતાં રાત્રે પણ બફારો અને ગરમી અનુભવાઈ રહ્યા છે. કુલર અને એસી ચાલુ કરવાની ફરજ પડી રહી છે. રાત્રે ગરમી વધતા વસાહીઓની ચહલપહલ વધી ગઈ છે. ઠંડીમાં રાત્રે આઠ વાગ્યામાં જ સુમસામ થઈ જતુ શહેર હવે મોડી રાત સુધી જાગતુ રહે છે. મુખ્ય માર્ગો પર બગીચાઓમાં મોડી રાત સુધી અવરજવર જોવા મળે છે.

# ઘર પાસે બાઈકના સ્ટંટ ન કરવા ઠપકો આપતા મારામારી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના ઈન્દીરા નગર ખાતે બાઈક ચાલક ફુલ સ્પીડે બાઈક પર વિવિધ કરતબો બતાવતા અન્ય વ્યકિતએ પોતાના ઘર પાસે બાઈકના સ્ટંટ ન કરવા ઠપકો આપતા બાઈક ચાલક સ્ટંટમેન અને ફરીયાદી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી બાઈક ચાલક યુવાને ઠપકો આપનારને કપાળમાં ધોકો મારતા ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. જયારે બનાવ અંગે પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સે-૨૪ ઈન્દીરા નગર ખાતે રહેતા હસમુખભાઈ મોહનભાઈ મકવાણાના ઘર પાસે આજે બપોરના બાર વાગ્યાના અરસામાં તેઓ ઘરે હતા તે સમયે ઈન્દીરા નગર ખાતે રહેતા કલ્પેશ નરેશ વાઘેલા પોતાના બાઈક વડે હસમુખભાઈના ઘર પાસો બાઈકના સ્ટંટ કરતો હતો. ઘર પાસો સ્ટંટ કરવાની હસમુખભાઈએ ના પાડતા કલ્પેશ ઉશ્કેરાઈ ગયો હતો અને બોલાચાલી શરુ થઈ હતી. ત્યારે કલ્પેશે પોતાના બાઈક પર રાખેલો લાકડાનો ધોકો હસમુખભાઈના કપાળના ભાગે મારતા લોહીલુહાણ થઈ ગયા હતા. તેમ છતા કલ્પેશ ગુસ્સામા મારતો હતો. થોડીવારમાં હોહા થઈ જતા હસમુખભાઈના મમ્મી હંસાબેન તેમજ પિતરાઈ ભાઈ મનુભાઈ તેમજ આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા. આમ છતા કલ્પેશ ધમકી આપતા જઈ રહ્યો હતો કે હવે મને કંઈ કહેશો તો જાનથી મારી નાંખીશ. માથના ભાગે ઈજા પહોંચી હોવાથી ખાનગી વાહનમાં સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે સ્ટંટમેન કલ્પેશ સામે ગુનોં નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# લીંબડીયા ગામે કરિયાવર પ્રથાને પડકાર કરતું નાટક યોજાયું



ચિલોડા, તા.૨૫

તાલુકાના લીંબડીયા ગામે કરિયાવર પ્રથાને પડકાર કરતું નાટક કલાવૃંદ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. જેને ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ તથા ગામના લોકોએ મોટી સંખ્યામાં નિહાળ્યું હતું. આવા સામાજિક ઉપદેશાત્મક અને પ્રેરણારૂપ નાટકો દરેક ગામે ગામે થવાથી લોકજાગૃતિનો ફેલાવો થતાં સામાજિક દુષણો પર નિયંત્રણ લાવવા આવા નાટકો ખૂબ જ ઉપયોગી સાબિત થાય તેવો ગ્રામજનોએ વિશ્વાસનો સુર પુરાવ્યો હતો.

# ભગાભાઈ બારડના કેસમાં હાઈકોર્ટે ચૂંટણી પંચની ઝાટકણી કાઢી

**સેશન્સ કોર્ટ દ્વારા બારડની સજા સામે સ્ટે જારી કર્યો હોવા છતાંય પંચ દ્વારા પેટા ચૂંટણીની જાહેરાતમાં ઉતાવળ કેમ**

અમદાવાદ, તા.૨૫

ખનીજ ચોરી કેસમાં બે વર્ષ અને નવ મહિનાની સજા પામેલા અને વિધાનસભા અધ્યક્ષ દ્વારા સસ્પેન્ડ કરાયેલા તાલાલાના કોંગ્રેસના ધારાસભ્ય ભગાભાઈ બારડ દ્વારા અધ્યક્ષના આ મનસ્વી નિર્ણયને પડકારતી રિટ અરજીની સુનાવણી દરમ્યાન આજે ગુજરાત હાઈકોર્ટે રાજય ચૂંટણી પંચની આકરી ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે ચૂંટણી પંચને કેટલાક વેધક સવાલો પણ કર્યા હતા કે, સેશન્સ કોર્ટ દ્વારા બારડની સજા સામે સ્ટે જારી કર્યો હોવાછતાં ચૂંટણી પંચ દ્વારા પેટાચૂંટણીની જાહેરાત કરવામાં કેમ ઉતાવળ કરાઈ? શું ચૂંટણી પંચે વિધાનસભા અધ્યક્ષના આદેશને માની પેટાચૂંટણી જાહેર કરી? ચૂંટણી પંચ કોના દિશા-નિર્દેશ મુજબ કામ કરે છે? વધુમાં હાઈકોર્ટે આ સમગ્ર મામલે જરૂરી સોગંદનામું આવતીકાલ સુધીમાં રજૂ કરી દેવા પણ ચૂંટણી પંચને હુકમ કર્યો હતો અને કેસની વધુ સુનાવણી આવતીકાલે રાખી હતી. તાલાલાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભગવાન બારડને સને ૧૯૯૫ના રૂ.૨.૫૩ કરોડની ખનીજ ચોરીના કેસમાં બે વર્ષ અને નવ મહિનાની સજા ફટકારી હતી. આ ચુકાદાથી નારાજ થયેલા ભગવાન બારડે વેરાવળ સેશન્સ કોર્ટમાં અપીલ કરતાં સેશન્સ કોર્ટે જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટના સજાના હુકમ સામે સ્ટે જારી કરી દીધો હતો. જેને પગલે રાજય સરકાર તરફથી ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન દાખલ કરી સજાને સ્ટે કરતાં સેશન્સ કોર્ટના હુકમને પડકારાયો હતો. જેની સુનાવણીમાં તાજેતરમાં જસ્ટિસ સોનિયાબહેન ગોકાણીએ રાજય સરકારની અરજી મંજૂર કરી બારડની સજાને સ્ટે કરતાં વેરાવળ સેશન્સ કોર્ટના હુકમને રદબાતલ ઠરાવ્યો હતો. એટલું જ નહી, હાઈકોર્ટે સમગ્ર મામલાની ફરીથી સુનાવણી હાથ ધરવા સેશન્સ કોર્ટને હુકમ કર્યો હતો.

# ભીખ માંગવા આવેલ શખ્સ ચાર્જીંગમાં રહેલા મોબાઈલ ચોરી પલાયન

**ચિલોડાની જનકપુરી સોસાયટીનો બનાવ, ઘરની ઓસરીમાં મોબાઈલ ચાર્જીંગમાં પડ્યા હતા**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમાન ચિલોડા ગામે રવિવારના રોજ ભીખ માંગી રહેલા ઈસમે બે મોબાઈલ નજર ચુકવી પળવારમાં ઉઠાતરી કરી લીધી હતી. ચોરી કરેલા મોબાઈલ અમદાવાદ હાઈ વે પર આવેલા પાનના ગલ્લો ચલાવતા વેપારીને વેચવા જતા ચોર રંગેહાથ પકડાઈ ગયો હતો. આ બનાવને પગલે ચિલોડાવાસીઓએ ચોર ઈસમ પાસેથી મોબાઈલ પરત મેળવીને ચોર ઈસમને યોગ્ય પાઠ ભણાવી જવા દીધો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ચિલોડા ગામની જનકપુરી સોસાયટીમાં ભીખ માંગવા આવેલા શખ્સો એક ઘરની ઓસરીમાં ચાર્જીંગમાં રહેલા બે મોબાઈલ ઉઠાવી લીધા હતા. આ ચોર ઈસમ મોબાઈલની ચોરી કરીને સીધો ચિલોડા ચાર રસ્તા પાસે અમદાવાદ તરફના માર્ગ પર આવેલા પાનના ગલ્લા તરફ ગયો હતો. ચોર ઈસમે ગલ્લા માલિકને બહુ સસ્તામાં ફોન આપવાની વાત કરતા ગલ્લા માલિકને શંકા ગઈ હતી. તેણે ફોન જોવા માગતા તેમાંથી ગામના છોકરાનો ફોટો જોવા મળ્યો હતો. જેથી આ ફોન તેનો જ હોવાની ખાતરી થતા વેપારીએ તેને જાણ કરી દીધી હતી. જેથી થોડીકવારમાં જ ગલ્લા પાસે ગામના કેટલાક નાગરીકો દોડી આવ્યા હતા. બંન્ને મોબાઈલ પરત મળી ગયા બાદ ચોરી કરનાર ઈસમને ધમકાવતા તે શખ્સો માફી માંગતા નાગરીકોએ તેને યોગ્ય પાઠ ભણાવી જવા દઈને પોલીસમાં ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

# રાહુલ શંકર હોય તો તેમને ઝેર પીવડાવો : વસાવા

**વસાવાની રાહુલ પર ટિપ્પણીને લઇને જોરદાર વિવાદ ગરમાયો : ટિપ્પણીને લઇ કોંગ્રેસ લાલઘૂમ : ભાજપના નેતાઓ ચૂંટણી ટાણે માનસિક સંતુલન ગુમાવી રહ્યા છે : કોંગ્રેસનો આક્ષેપ**

અમદાવાદ,તા. ૨૫

રાજયના કેબીનેટ પ્રધાન ગણપત વસાવાની કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી પર કરાયેલી એક વિવાદીત ટિપ્પણીને લઈ ચૂંટણી ટાણે રાજકારણ ગરમાયું છે અને જોરદાર વિવાદ સર્જાયો છે. કેબીનેટ મંત્રી ગણપત વસાવાએ સુરતમાં બારડોલીના બાબેન ખાતેના એક સમારંભમાં જાહેર વકતવ્ય દરમ્યાન એવું કહી દીધુ હતું કે, જો કોંગ્રેસ રાહુલ ગાંધીને ભગવાન શંકરનો અવતાર ગણે છે તો તેમને ઝેર પીવડાવો તો ખબર પડી જાય. વસાવાના આ નિવેદનને લઈ કોંગ્રેસ લાલઘૂમ બન્યું છે. કોંગ્રેસના નેતાઓએ વસાવા પર વળતો પ્રહાર કરતાં અને તેમની ટિપ્પણીને વખોડતાં જણાવ્યું છે કે, ભાજપના નેતાઓ હવે ચૂંટણી ટાણે માનસિક સંતુલન ગુમાવી રહ્યા છે. જે ભાજપની હતાશા છતી કરે છે. લોકસભાની ચૂંટણી જાહેર થતાં જ રાજકીય માહોલ ગરમાયો છે.

ત્યારે ભાજપ દ્વારા ઠેર ઠેર વિજય સંકલ્પ રેલીના આયોજનો કરવામાં આવી રહ્યાં છે. બારડોલીના બાબેન ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ વર્તમાન સમયમાં સોશિયલ મીડિયામાં ચાલતાં નિવેદનોને વાંચીને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પર ટીખળ કરી હતી જેનાથી વિવાદનો મધપૂડો છંછેડાયો છે.

ગણપત વસાવાએ કહ્યું કે, સોશિયલ મીડિયામાં કોંગ્રેસના કાર્યકરો રાહુલ ગાંધીને શંકરનો અવતાર ગણે છે. જેનો યુવાનો દ્વારા પ્રતિકાર કરતાં પુછવામાં આવે છે કે, શંકર ભગવાને તો ઝેરના ઘૂંટડા પીધા હતાં. જયારે રાહુલ ગાંધીને ૫૦૦ ગ્રામ ઝેર આપીને ચેક કરો તો અમે પણ માનીએ તેમ વસાવાએ કહેતા નવો વિવાદ ઉભો થયો છે. કોંગ્રેસમાં વસાવાના નિવેદનને લઈ ઘેરા પ્રત્યાઘાત પડયા છે. પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ વસાવા પર વળતો પ્રહાર કરતાં જણાવ્યું કે, ભાજપના નેતાઓ હવે જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ તેમનું માનસિક સંતુલન ગુમાવી રહ્યા છે.



## જીવનની ''પાનખરે'' બેઠેલા વડીલોનો ''ઝાડખર''થી બચાવ

જેને ખરતું પાન કહેવાય છે તેવી જીવનની ''પાનખરે'' પહોંચેલા સેક્ટર-૫-એના 'ગ' રોડ સ્થિત બ્રહ્માણી માતાના મંદિરના બાંકડે બેઠેલા વડીલોએ તેમની નજર સામે ખરતા પાન વચ્ચે અચાનક આખેઆખુ ઝાડ ખરી પડતાં જોયું અને ગભરાઈ ઉઠ્યાં હતા. સદ્દભાગ્યે આ ''ઝાડખર''ની ઘટનામાં કોઈને ઈજા થવા નહોતી પામી પરંતુ ''પાનખર''ની ઋતુમાં શહેરમાં જોખમી હાલતમાં રહેલા વૃક્ષો ખરવાથી કોઈ દુર્ઘટના સર્જાઈ શકે છે તેવા એંધાણ જરૂર પ્રાત થયાં છે.

# પાસ નેતા દિલીપ સાબવા અમિત શાહ સામે ચૂંટણી લડશે

ગાંધીનગર, તા.૨૫

આગામી લોકસભા ચૂંટણીમાં પાસ હવે મેદાને ઉતરશે. અમિત શાહ સામે દિલીપ સાબવા ગાંધીનગરથી ચૂંટણી લડશે. અમિત શાહ સામે લડવા પાસમાંથી દિલીપ સાબવાની પસંદગી કરવામાં આવી છે. અલ્પેશ કથીરિયા ની જેલ મુક્તિ અને જે યુવાનો પર કેસ થયા તે અને શહીદોના પરિવારને હજી નોકરી નથી મળી તે બાબતે સાબવા દ્વારા ચૂંટણી લડવામાં આવશે. અમિત શાહને ટક્કર આપવા માટે અપક્ષ ઉમેદવાર તરીકે દિલીપ સાબવા લડશે. દિલીપ સાબવાએ એક પત્રકાર પરિષદ યોજીની ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી.

દિલીપ સાબવાએ એક પ્રેસ કૉન્ફરન્સ યોજીને માહિતી આપી હતી કે તેઓ કોઈ રાજકીય પાર્ટી સાથે જોડવાના નથી. આ સાથે પાસ દ્વારા કોંગ્રેસને પણ ચીમકી આપવામાં આવી છે, સાબવાએ જણાવ્યું છે કે તેમને ગાંધીનગરની બેઠક પર કોંગ્રેસ પણ સપોર્ટ આપે નહીતો તેનું પરિણામ ભોગવવું પડશે. આ સ્થિતિમાં પાસ દ્વારા આ બેઠક પર ઝંપલાવવાથી કોંગ્રેસ ભાજપ પર તેની શું અસર થશે તે તો પરિણામ બાદ જ જાણી શકાશે. જોકે પાટીદાર અનામત આંદોલનની અસર હવે સમાજમાં નહિવત હોવાથી પાસ નેતાની ઉમેદવારી કેટલે અંશે અસરકર્તા નિવડશે એવું લોકજીભે ચર્ચાય છે.

# બોર્ડ પરીક્ષાના અંતે ગેરરિતી વાળા વિદ્યાર્થીઓનો રીપોર્ટ તૈયાર કરાશે

**શિક્ષણતંત્ર રીપોર્ટ તૈયાર કરી ૨૦ એપ્રિલ સુધી બોર્ડને સુપ્રત કરશે ત્યારબાદ વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરીમાં હીયરીંગ કરાશે**

ગાંધીનગર તા ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના અંતે હવે આગામી દિવસોમાં સી સી ટી વી ફુટેજનુ નિરિક્ષણ કરી ગેરરીતીવાળા કિસ્સાઓનો રીપોર્ટ શિક્ષણ બોર્ડને સુપ્રત કરાશે. ગાંધીનગર જિલ્લામાં પણ કેમેરાની વોચ વચ્ચે પુર્ણ થયેલી બોર્ડ પરીક્ષાના અંતે ગેરરીતીના કિસ્સાઓ મામલે વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરીમાં આગામી દિવસોમાં હીયરીંગ કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણતંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી હતી.

જિલ્લાના પ્રત્યેક પરીક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ પણ રાખવામાં આવી હતી. ગત વર્ષે પણ સી સી ટી વી કેમેરાની વોચના અંતે ગરેરીતીના કિસ્સાઓ સામે આવ્યા હતા જયારે આ વર્ષે પરીક્ષાના પ્રશ્નપત્રો તેમજ ઉત્તરવહી જે ઠેકાણે રાખવામાં આવતી હતી તે સ્થળે પણ સી સી ટી વી કેમેરા મુકી દેવાતા ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી હતી જયારે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ પણ પરીક્ષાના સ્થળો પર રાઉન્ડ લેતા નજરે પડયા હતા. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામ પરિબળોને યોગ્ય કરવા તરફ ધ્યાન કેન્દ્રીત કરાયુહતુ જયારે હવે બોર્ડ પરીક્ષાના અંતે શિક્ષણતંત્ર દ્વારા સી સી ટી વી કેમેરાના ફુટેજનુ નિરિક્ષણ કરીને ગેરરીતીના કિસ્સા અંગે ચકાસણી કરાશે ફુટેજના આધારે ગેરરીતી માલુમ પડશે તેવા પરીક્ષાર્થીઓની યાદી શિક્ષણ બોર્ડને મોકલવામાં આવશે. આ રીપોર્ટના આધારે ગેરરીતીવાળા વિદ્યાર્થીઓનુ વાલીઓની હાજરીમાં હિયરીંગ હાથ ધરાશે. જયારે આ રીપોર્ટ આગામી તા ૨૦ એપ્રિલ સુધીમાં શિક્ષણ બોર્ડને પણ સુપ્રત કરવા જણાંવાયુ છે.

## હોળી ધુળેટીના પર્વ દરમિયાન એસ ટી ને ૭ લાખની વધારાની આવક

ગાંધીનગરમાં રહેતા આદિવાસી પરિવારો હોળી ધુળેટીના પર્વ દરમિયાન પોતાના વતનમાં જાય છે જયારે આ પર્વ દરમિયાન તેમને પુરતી બસ સેવા મળી રહે તે માટે એસ ટી તંત્ર દ્વારા પ્રતિવર્ષ વધારાની બસો દોડાવાનુ આયોજન કરવામાં આવે છે.એસ ટી તંત્ર દ્વારા હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી દાહોદ જાલોદ તેમજ દવેઘડ બારીયાના રૂટમાં વધારાની બસ સેવા દોડાવામાં આવી હતી જયારે આ દરમિયાન ગાંધીનગર ડેપોએ કુલ૧૫૮ ટ્રીપોનુ સંચાલન કરીને વધારાની રૂ ૭ લાખની આવક ઉભી કરી છે. આ તહેવાર દરમિયાન પાંચ દિવસ સુધી એસ ટી તંત્ર દ્વારા ૭૯ બસો દોડાવામાં આવી હતી. જયારે એસ ટીની આ વધારાની બસ સેવાના લીધે હોળી ધુળેટીના પર્વ દરમિયાન પોતાના વતનમાં જતા આદિવાસી પરિવારજનો સહીત વતન જતા પર્વ પ્રેમીઓને ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવાની નોબત આવી ન હતી.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**નામ બદલેલ છે**

મારું નામ સોહિલ મલવત હતું તે બદલી મલવત મોહમંદ સોહિલ રાખેલ છે.

લી.
મલવત મોહમંદ સોહિલ
પ્લોટ નં. ૮૬૦/૧
સેકટર-૨-સી, ગાંધીનગર